ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ



## સંક્ષિપ્ત સમાચાર

### સરસવા પૂર્વ CHC ખાતે દિપક ફાઉન્ડેશન દ્વારા એક્સ રે વાન દ્વારા ટીબીના શંકાસ્પદ 103 એક્ષરે પાડવામાં આવ્યા



**ફતેપુરા** : ફતેપુરા તાલુકાના સરસવા પૂર્વ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે વડોદરાથી એક્ષરે વાન આવી હતી. જેમાં સરસવા પુર્વ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના તમામ ગામના હાઈ રિસ્ક પોપ્યુલેશન જેવા કે ટીબી દર્દીના કોન્ટેક્ટ અન્ય કોઈ બિમારી હોય તેવા તેમજ જેમના વજનમાં ઘટાડો થતો હોય તેવા તમામ લાભાર્થીઓને લાવવામાં આવ્યા હતા. જેમાથી ટોટલ 103 એક્ષરે પાડવામાં આવ્યા હતા. આંખોની તપાસ કરવામા આવી હતી. સી.બી.સી. આર.બી.એસ. અને બી.પી. ની તપાસ કરવામાં આવી હતી. સરસવાપુર્વ પી.એસ.સી. મેડિકલ ઓફિસર અને ફતેપુરા એસ. ટી. એસ /એસ.ટી.એલ.એસ અને તમામ સી. એસ. ઓ/ એમ. પી.એચ.ડબલ્યુ બહેનો ।જરરહ્યા હતા.

### કડાણા તાલુકાનાં સરસવા ગામે બાબા સાહેબ આંબેડકરની 134મી જન્મ જયંતિની ભવ્ય ઉજવણી કરાઈ



**કડાણા** : કડાણાનાં સરસ્વા ગામે બાબા સાહેબ આંબેડકરની 134 મી જન્મજયંતી ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.બાબાસાહેબની પુષ્પાંજલિ અર્પી માલ્યા અર્પણ કરી ને રાજકીય પક્ષો અને સ્થાનિક યુવાનોને સંગઠનો દ્વારા જય ભીમના નારા લગાવ્યા હતા. વિશ્વ વિભૂતિ, ભારત રત્ન મહામાનવ, મહિલાઓના મુક્તિદાતા, સિમ્બોલ ઓફ નોલેજ, આધુનિક ભારતના ઘડવૈયા, ભારતીય સંવિધાન નિર્માતા ડો. બાબાસાહેબ આંબેડકરજીની ૧૩૪મી જન્મજયંતિ કડાણા તાલુકાના સરસવા ગામ ખાતે તા.૧૪/૦૪/૨૦૨૫ "આંબેડકર જયંતી નિમિતે ડો. બાબા સાહેબ આંબેડકર જીની પ્રતિમા ને પુષ્પાંજલિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

### ઉમરેઠ સરકારી ઔધોગિક તાલીમ સંસ્થા ખાતે રોજગાર ભરતી મેળો યોજાશે

**આણંદ** : જિલ્લા રોજગાર કચેરી, આણંદ દ્વારા યોજવામાં આવતા "રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળા" અંતર્ગત આજે તા.૧૭ એપ્રિલના ગુરૂવાર રોજ સવારે ૧૧:૦૦ કલાકે ઉમરેઠની જાગનાથ ભાગોળ ખાતે આવેલ સરકારી ઔધોગિક તાલીમ સંસ્થા ખાતે રોજગાર ભરતી મેળો યોજાનાર છે. આ ભરતી મેળામાં એસ.એસ.સી, એચ.એસ.સી, આઈ.ટી.આઈ, ડિપ્લોમા, ડિગ્રી, સ્નાતક, અનુસ્નાતકની લાયકાત ધરાવતા હોય અને જેઓની ઉંમર ૧૮ થી ૩૫ વર્ષ હોય હોય તેવા રોજગાર મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ તેઓના ઓછામાં ઓછા ૦૫ બાયોડેટા, શૈક્ષણિક લાયકાત, અનુભવના પ્રમાણપત્રોની નકલ સાથે હાજર રહેવા જણાવાયું છે. આ ઉપરાંત અનુબંધમ પોર્ટલમાં નોંધણી કરાવી હોય અથવા તો ન કરાવેલ હોય તેવા રોજગારવાંચ્છુ ઉમેદવારો આ ભરતી મેળામાં ઇન્ટરવ્યૂ પ્રક્રિયામાં ભાગ લઈ શકશે, તેમ રોજગાર અધિકારી, આણંદ દ્વારા જણાવાયું છે.

### પાદરામાં ડો.બાબા સાહેબ આંબેડકરની 134મી જન્મ જયંતિ ઉજવાઈ

**પાદરા** : પાદરામાં ડો.બાબા સાહેબ આંબેડકર ની 134 મી જન્મ જયંતિ નિમિત્તે પાદરા નગર પાલિકા ના ચૂંટાયેલા તમામ સદસ્ય ઓ સહિત કરિશ્મા આચાર્ય, વિજય ગોહિલ મંત્રી વડોદરા જિલ્લા, માજી પ્રમુખ પરેશ ગાંધી, બ્રિજેશ પટેલ, સંતોષ પટેલ રાજુ રાણા ઝૂમરી સચિન ગાંધી , નયન ભાવસાર તેમજ બીજા તમામ હોદ્દેદારો એ ડો. બાબા સાહેબ આંબેડકર ની પ્રતિમા ને ફૂલહાર કરી કેક કાપી ને આંબેડકર જયંતિ ની ભવ્ય ઉજવણી કરી હતી.

### ભાડેથી રહેતા પત્નીને પરેશાન કરતા પતિને સમજાવવા ગયેલા સાળાને માર મારતાં ફરિયાદ

**વડોદરા** : વરણામા ગામે રહેતા જીગર પટેલ નામના યુવકે આદિવાસી યુવતી સાથે પ્રેમલગ્ન કર્યા હતા લગ્ન દરમિયાન એક દીકરીના જન્મ બાદ પતિ પત્ની વચ્ચે ખટરાગ સર્જાતા પત્ની પોતાની પાંચ વર્ષની દીકરી સાથે અલગ મકાન રાખીને ભાડેથી રહેતી હતી ત્યારે પતિએ પત્નીના મકાન માલિક સાથે આડા સંબંધ હોવાના આક્ષેપ સાથે મકાન ખાલી કરાવી દેતાં પત્નીએ પોતાના ભાઇઓને વાત કરી હતી જેથી સાળાઓએ બનેવીને આપસમાં ન બનતું હોય તો છૂટાછેડા આપવાની વાત કરી હતી જેથી બનેવીએ પચાસ માણસ લઈ આવવા અને છૂટાછેડા આપવા વડોદરા બોલાવી સાળા સાથે ઝઘડો કરી માર મારી જાતિ વિષયક અપશબ્દો બોલતા સમગ્ર મામલે પાણીગેટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, છોટાઉદેપુર જિલ્લાના ક્વાંટ તાલુકાના મોરાગણા ગામના રમણસિંગ નગીનભાઇ રાઠવા પોતાના પરિવાર સાથે રહે છે અને ખેતીકામ કરીને પરીવારનું ગુજરાન ચલાવે છે તેઓ પાસે અનુસૂચિત આદિજાતીનુ પ્રમાણપત્ર છે. તેઓએ પાણીગેટ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ,તેમની બહેન અંજીબેન નગીનભાઇ રાઠવા ના તા.30-09-2015 માં વરણામા,મોટાઘર ખાતે રહેતા જીગરભાઇ પટેલ સાથે પ્રેમલગ્ન થયા હતા થોડાક સમય પહેલા પતિ પત્ની વચ્ચે અંદરોઅંદર ઝઘડો થતાં અંજીબેન પોતાની દીકરી સાથે અલગ મકાન ભાડે રાખી રહેતી હતી જ્યાં મકાન માલિક અને અંજીબેન પર આડા સંબંધ હોવાના આક્ષેપ સાથે પતિએ મકાન ખાલી કરાવી દીધું હતું જેથી પરેશાન અંજીબેને પોતાના ભાઇ રણસીગભાઇ ને કરતાં તેમણે પોતાના બનેવી જીગર પટેલને પતિ પત્ની વચ્ચે ના બનતું હોય તો છૂટાછેડા આપી દેવા જણાવ્યું હતું જેથી જીગર પટેલે પચાસ માણસ લઈ વડોદરા આવી જવા જણાવી છૂટાછેડા આપવાની વાત કરી હતી.

---

### ફતેપુરાના લીમડીયા ગામે માંડલી ફળિયામાં ૫૦૦ની નકલી નોટોનુ પ્રકરણ

# નકલી નોટોના કારોબારમાં સંડોવાયેલા વધુ બે આરોપીઓ ઝડપાયા

(પ્રતિનિધિ) દાહોદ, તા.16

ફતેપુરાના લીમડીયા ગામે એક દંપતિના રહેણાંક મકાનમાંથી પોલીસે ભારતીય બનાવટની નકલી નોટો સાથે પ્રિન્ટર સહિત સાધનો તેમજ નકલી નોટો છાપવા માટેની સામગ્રી પણ કબજે કરી હતી. અને આ બનાવમાં પોલીસે ચાર આરોપીઓને ઝડપી પાડ્યાં હતાં ત્યારે એલ.સી.બી., એસ.ઓ.જી.ના અધિકારી/કર્મચારીઓની ટીમે આ ગુન્હામાં સંડોવાયેલ વધુ બે આરોપીઓને ઝડપી પાડી યુક્તિ પ્રયુક્તિથી પૂછપરછ કરતા પકડાયેલ આરોપી કૃષ્ણાકુમાર ઉર્ફે ડિમ્પલ સન/ઓફ કાંતીલાલ પંચાલ (રહે. સંજેલી, તા.સંજેલી, જિ.દાહોદ), મુકેશ ગુલસિંગ મુનીયા (રહે. આંબા, ઝાલોદ, તા.ઝાલોદ, જિ.દાહોદ), હરિશચંદ્ર ઉર્ફે વિષ્ણુભાઇ પરષોત્તમદાસ પંચાલ (રહે.પેથાપુર, તળ ફળીયું તા.ઝાલોદ જી.દાહોદ), કાનજીભાઇ ખુમાભાઇ ગરાસીયા રહે.લીમડીયા, માંડલી ફળીયુ તા.ફતેપુરા જી.દાહોદ), મુકેશભાઇ જોગડાભાઇ કામોળ (રહે.છાલોર, નિશાળ ફળીયું તા.ફતેપુરા જી.દાહોદ), રાકેશભાઇ વરસીંગભાઇ પારગી (રહે.વાંગડ, નદી ફળીયા તા.ફતેપુરા જી.દાહોદ) તથા સુખલાભાઇ જવલાભાઇ સંગાડા રહે.થેરકા નાઓએ (૧) સને ૧૯૩૯ ના ડબ્બલ ધારીવાળા રાજા રાણીના સિક્કા (૨) રુપિયા ૫ ની પાંચ હરણવાળી નોટ જેમાં હરણ ઉભા અથવા બેઠેલા હોય તેવી નોટો તેમજ (૩) સને-૨૦૧૮ ની સાલની રુપિયા ૨૦૦૦/- ની ૧૮ નોટો ની બહુ ઉંચી કિમતે બજારમા વેચાતી હોવાની માન્યતા આધારે આવા સિક્કા તેમજ નોટોની શોધખોળ કરતા હતા. આ ઉપરાંત તાંત્રિકો મારફતે વિધી કરાવી નોટોનો વરસાદ થાય જેનાથી ટુંક સમયમા પૈસાદાર બની શકાય તેવી માન્યતા સાથે એકબીજાના



સંપર્કમાં હતા. આ ફોટોગ્રાફિ માટે અલગ-અલગ સોફટવેરની જરુર પડતી હોય જેથી સોફટવેર વેચતા ઈન્દોર ખાતે રહેતા છોટુભાઇ સાથે સોફટવેર બાબતે કોન્ટેકટમાં આવેલ અને ડિમ્પ્લના ઘરે લગ્ન પ્રસંગમાં ફોટોગ્રાફિ વિડિયોગ્રાફિ માટે છોટુભાઈને બોલાવેલ ત્યારે છોટુભાઈ આ ડિમ્પ્લના ઘરે બે ત્રણ દિવસ રોકાયેલ તે વખતે છોટુભાઈ સાથે રાજા રાણીના સિક્કા, હરણવાળી નોટ વિગરે બાબતે વાતચીત થયેલ અને કોઈ કોંન્ટેકટ હોય તો ડિમ્પલને જણાવવા કહેલ હતું. છોટુભાઈએ ડિમ્પ્લનો કોન્ટેકટ ફિરોજ (રહે.ખંડવા (એમ.પી.) સાથે કરાવી વાતચીત કરાવી હતી. ડિમ્પલ અને ફિરોજ એકબીજાના સંપર્કમાં આવ્યાના થોડા સમય બાદ ફિરોજે ડિમ્પ્લને જણાવેલુ કે, આવા ૧૯૩૯ ના સિક્કા અને હરણવાળી નોટો તો નથી પણ મારો એક હુસેન પીરા નામનો ઓળખીતો છે જે એકના ડબલ પૈસા આપે છે જે નોટો એ.ટી.એમ., બેન્ક બધી જગ્યાએ ચાલે છે તેમ જણાવેલ અને ફિરોજે મને હુસેનનો મોબાઈલ નંબર આપેલ.જેથી મે હુસેનનો સંપર્ક કરતા દસ થી પંદર દિવસમા ઝાલોદ આવવાનું જણાવેલ હતું. ત્યારબાદ હુસેન પીરા ઝાલોદ આવેલો ત્યારે ઝાલોદમા અનાજ માર્કેટયાર્ડની બહાર ચાની હોટલ ઉપર ડિમ્પ્લ, વિષ્ણુ, સુખલાભાઈ ભેગા થયેલા અને ત્યા હુસેન પીરાએ જણાવેલ કે તમે એક લાખ આપો તો હુ તમને બે લાખ આપીશ જે નોટો એ.ટી.એમ., બેન્ક બધી જગ્યાએ ચાલશે. ત્યારબાદ અમો બધા છુટા પડ્યાં હતાં. જેના એકાદ મહીના પછી હુસેન પીરા પોતાની પાસે આર.બી.આઈ. ભારત અને ૫૦૦ લખેલ લીલી પટ્ટીવાળા કાગળો લઈ ઝાલોદ આવેલ અને ડિમ્પલ સાથે ફતેપુરા ગયેલ ત્યા વિષ્ણુ અને કાનજીભાઈ મળેલા અને ત્યાથી હુસેન પીરા, વિષ્ણૂ અને કાનજી આ કાગળો લઈ માનગઢ ખાતે પ્રભુ નામના ઈસમને મળવા ગયેલા ત્યા પ્રભુએ આ કાગળો નહી ચાલે તેમ જણાવતા પરત આવ્યો હતો. આ કાગળો બરાબર નહી હોવાના કારણે ડિમ્પલે ફરીથી ફિરોજનો સંપર્ક કરતા ફિરોજે એક મહારાષ્ટ્રના ઈસમનો કોન્ટેકટ કરાવેલ જે ગાંધીજીના વોટર માર્ક તેમજ આર.બી. આઈ. ભારત અને ૫૦૦ લખેલ લીલી પટ્ટીવાળા (સિક્યુરીટી થ્રેડવાળા) કાગળો આપે છે.જેથી મહારાષ્ટ્રનો ઈસમ સેમ્પલ તરીકે ૫ કાગળો ડિમ્પલ પંચાલને આપી ગયેલ. જે ચાલે એવા ન હતા જેથી બીજા સારી ક્વોલીટીના કાગળો એક પેજના રુપિયા ૨૦૦ ના ભાવે ૪૦૦ કાગળો ખરીદેલ જે પૈકી ૧૦૦ કાગળો રુપિયા ૩૦૦ ના ભાવે મુકેશને વેચી દીધેલ જે કાગળો મુકેશે થેરકા ગામના સુખલાભાઈને વેચી દીધેલ અને બાકીના કાગળોમાથી પાંચેક કાગળો ઉપર પોતાના ઘરે કોમ્પ્યુટર અને સ્કનેરનો ઉપયોગ કરી નોટો છાપેલ જે નોટો સારી

---

### ત્રણ ઇસમોએ ધિંગાણૂ મચાવતા ફરિયાદ

## દાહોદ જિલ્લાના આંબા ગામે નાણાની લેતી દેતીમાં તકરાર

**પોલીસે** સમગ્ર મામલે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી

(પ્રતિનિધિ) દાહોદ, તા.16

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના આંબા ગામે એટલાસ કંપનીના એચ.આર.ને ત્રણ જેટલા ઈસમોએ નાણાંની માંગણી કરી કંપનીના કર્મચારી સાથે ધકામુક્કી કરી નીચે પાડી દઈ શરીરે ઈજાઓ પહોંચાડતાં પોલીસમાં ફરિયાદ નોંધાયાનું જાણવા મળે છે.

ઝાલોદના આંબા ગામે રહેતાં મુકેશ જૈન, તાનસીંગ સરપંચ અને સંજય પાઠકનાઓએ ગત તા.૧૪મી એપ્રિલના રોજ ઝાલોદના આંબા ગામે એટલાસ કંપનીના કેમ્પમાં એચ.આર. તરીકે ફરજ બજાવતાં સુનિલકુમાર સતબીર જાટ (રહે. મુળ હરિયાણા) નાની પાસે આવી બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, કેમ તું રૂપીયા ત્રીસ હજાર આપતો નથી.

તેમ કહેતાં સુનિલકુમારે કહેલ કે, હું ઉપલી કચેરીએથી ફોન ઉપર મંજુરી મેળવી મંજુરી મળેથી હું તમને આપું છું, તેમ કહેતાં ઉપરોક્ત ત્રણેય ઈસમો એકદમ ઉશ્કેરાયાં હતાં અને સુનિલકુમાર સાથે ધકામુક્કી કરી સુનિલકુમારને નીચે પાડી દેતાં સુનિલકુમારને શરીરે ઈજાઓ પહોંચાડી હતી.આ સંબંધે ઈજાગ્રસ્ત સુનિલકુમાર સતબીર જાટ દ્વારા લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

## કાલોલ પોલીસે ગોળીબાર પાસેથી કતલના ઈરાદે લઈ જવાતા પશુઓને બચાવ્યા

(પ્રતિનિધિ) કાલોલ, તા.16

કાલોલ પોલીસ સ્ટેશનના સીનીયર પીઆઈ આર ડી ભરવાડ અને પીએસઆઈ એલ એ પરમાર સ્ટાફ સાથે સરકારી વાહનમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે પીઆઈ ને માહિતી મળેલ કે સફેદ રંગની બોલેરો પીક અપ ગાડી નં જીજે ૦૪ એએન ૯૦૫૦ મા પશુઓને ક્રુરતા પૂર્વક બાંધી કતલ કરવાના ઈરાદે મલાવ થી કાલોલ તરફ લઈ જનાર છે

જે આધારે દોલતપુરા પાસે વોચ ગોઠવતા બાતમી મુજબની બોલેરો આવતા ઊભા રહેવા ઈશારો કરતા બોલેરો ચાલક પુરઝડપે કાલોલ તરફ પોતાનુ વાહન ભગાડી ગયો જેથી પોલીસે પીછો કરતા ગોળીબાર ગામ નજીક રોડ ની સાઈડમાં પોતાનું વાહન મુકી ને બોલેરો નો ચાલક અને અન્ય એક ઈસમ ઝાડી ઝાંખરાનો લાભ લઈ નાસી છૂટ્યા હતા પોલીસે બોલેરો પીક અપ ગાડી પોલીસ સ્ટેશનમાં લાવી તપાસ કરતા તેમાં અંત્યંત ક્રુરતા પૂર્વક પાણી કે ઘાસચારા ની વ્યવસ્થા વગર કોઈ પણ પ્રકારની



પરવાનગી વગર ખીચોખીચ ટૂંકા દોરડાથી બાંધેલા પાડા નંગ ૧૨ મળી આવ્યા જેની કિંમત રૂ ૧,૨૦,૦૦૦/ તથા બોલેરો રૂ ૪,૦૦,૦૦૦/ કુલ મળીને રૂ ૫,૨૦,૦૦૦/ નો મુદ્દામાલ કબજે કરી બન્ને ઈસમો સામે પ્રાણીકોર્તા અધિનિયમ 1960 તથા ગુજરાત પ્રથમ સંરક્ષણ અધિનિયમ 2017 તથા બીએનએસ કલમ અને જીપી એક્ટ હેઠળ કાલોલ પોલીસ મથકે ગુનો દાખલ કર્યો છે.

---

### પંચમહાલ જિલ્લા સહકારી સંઘમાં ઘોઘંબા વિભાગ ની ચુંટણીમાં ડિરેક્ટર ચૂંટાયા

(પ્રતિનિધિ) કાલોલ, તા.16

પંચમહાલ જિલ્લા સહકારી સંઘમાં ઘોઘંબા વિભાગ ની ચુંટણીમાં ડિરેક્ટર તરીકે માધવસિંહ ભારતસિંહ ચૌહાણ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. પંચમહાલ જિલ્લા સહકારી સંઘમાં વ્યવસ્થાપક કમિટી ની ચૂંટણીમાં ઘોઘંબા વિભાગ (૬ એ ૨ ) (સેવા સહકારી મંડળીઓ ખેતી વિષયક મંડળીઓ , વૃક્ષ ઉછેર ,તેલીબીયા, શાકભાજી પશુપાલન વિગેરે મંડળીઓ,ખરીદ વેચાણ સંઘો,ગ્રાહક ભંડારો , રૂપાંતર મંડળીઓ અને પિયત મંડળીઓ વિભાગ) મા માધવસિંહ ભારતસિંહ ચૌહાણ તેમના નિકિટતમ પ્રતિસ્પર્ધી બારિયા અર્જુનભાઈ અંદરસિંહ ને હરાવી વિજેતા થયા છે તેઓને નાયબ કલેક્ટર પ્રાંત કચેરી દ્વારા વિજેતા થયા બદલનુ પ્રમાણપત્ર આપવામાં આવ્યુ હતુ.

---

### સિંધિ બજારમાંથી 3 દુકાનોના વેપારીઓ પાસે 35 હજાર વહીવટી ચાર્જ વસુલ્યો

## નડિયાદ મનપાના સેનેટરી વિભાગની ટીમ વેપારીઓ પર ત્રાટકી

**નેહા** ટ્રેડર્સમાંથી પ્રતિબંધિત પ્લાસ્ટિકની કોથળીઓ અને કપ પકડ્યા છે

(પ્રતિનિધિ) નડિયાદ, તા.16

નડિયાદ મહાનગરપાલિકાની સેનેટરી વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક રાખતા વેપારીઓ પર તવાઈ બોલાવી હતી. ગંજ બજાર અને સિંધિ બજારમાં વેપારીઓના ત્યાં તપાસ કરી પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો ઝડપી અને વહીવટી ચાર્જ વસુલવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ મનપામાંથી ઈન્ચાર્જ ચીફ સેનેટરી



ઈન્સપેક્ટર અને તેમની ટીમ દ્વારા પ્રથમ ગંજ બજારમાં રોયલ ટ્રેડર્સ નામની દુકાનમાંથી પ્લાસ્કિટકના કપ અને રંગીન ઝભલા પકડ્યા હતા. જ્યાં વેપારી પાસે 15 હજારનો વહીવટી ચાર્જ વસુલ્યો છે. આ પછી સ્ટેશન રોડ પાસેના સિંધી બજારમાંથી ક્રિષ્ના ટ્રેડર્સમાં પ્લાસ્ટિકના 3 કાર્ટુન પકડ્યા હતા, જેમાં પ્રતિબંધિત કપ હતા. તેમને 10 હજાર વહીવટી ચાર્જ ફટકાર્યો છે અને અત્રે જ નેહા ટ્રેડર્સમાંથી પ્રતિબંધિત પ્લાસ્ટિકની કોથળીઓ પકડ્યા છે અને તેમને પણ 10 હજારનો દંડ કર્યો છે.

---

### ગરબાડા થી ખારવા ગામ તરફ જતો ડામર રોડ બિસ્માર હાલતમાં ,રોડ નવો બનાવવાની લોકોની માંગ



**ગરબાડા** : ગરબાડા તાલુકાના કેટલાક ગામોમાં રસ્તાઓની હાલત દયનીય છે ત્યારે ગરબાડા તાલુકા મથકથી ખારવા ગામ તરફ જતો બાયપાસ ડામર રોડ વર્ષોથી બિસ્માર હાલતમાં જોવા મળી રહ્યો છે પરંતુ આજદિન સુધી રીપેરીંગ ની કામગીરી કરવામાં આવી નથી જેના પગલે અંહીથી પસાર થતા વાહનચાલકો ને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે રોડ ઉપર ઠેર ઠેર પડેલા ખાડાઓના પગલે વાહનોને પણ નુકશાન થતું હોય છે અને નાના મોટા અકસ્માતો પણ આવા બિસ્માર રોડના પગલે થતા હોવાનું જાણવા મળી રહ્યું છે

---

### દાહોદના દેલસર ગામમાં એલસીબીએ છાપો ઓચિંતો છાપો માર્યો

## પોલીસે રહેણાંક મકાનમાંથી દારૂ ગાળવાની ત્રણ ભઠ્ઠીઓમાંથી દેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો

(પ્રતિનિધિ) દાહોદ, તા.16

દાહોદ તાલુકાના દેસલર ગામેથી દાહોદ એલસીબી પોલીસે એક રહેણાંક મકાનમાં ઓચિંતી તપાસ હાથ ધરતાં જેમાં રહેણાંક મકાનમાંથી પોલીસે દેશી દારૂ ગાળવાની ત્રણ ભઠ્ઠીઓ ઝડપી પાડી છે.

પોલીસે આ દેશી દારૂની ભઠ્ઠીના રહેણાંક મકાનમાં તલાસી હાથ ધરતાં રૂા.૨૯,૮૦૦ની કિંમતનો દેશી દારૂ, દેશી દારૂ ગાળવા માટે ઉપયોગમાં લેવાયેલ પદાર્થો તેમજ સાધનો મળી પોલીસે કુલ રૂા.૫૯,૯૦૦ના મુદ્દામાલ સાથે ચાર મહિલાઓની પોલીસે અટકાયત કરી હોવાનું જાણવા મળે છે.દાહોદ જિલ્લામાં પ્રોહીબીશનની પ્રવૃતિઓને અટકાવવા, નાસતાં ફરતાં આરોપીઓને ઝડપી પાડવા, જુગારની પ્રવૃતિઓને અટકાવવા તેમજ અસામાજીક તત્વોને ઝડપી પાડવા માટે દાહોદ જિલ્લા પોલીસ વડાની સુચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ જિલ્લાની તમામ પોલીસ કામગીરી કરી રહી છે ત્યારે દાહોદ એલસીબી પોલીસને મળેલ બાતમીના આધારે પોલીસે આજરોજ દાહોદના દેલસર ગામે એક રહેણાંક મકાનમાં ઓચિંતી તપાસ હાથ ધરી હતી. રહેણાંક મકાનમાં ધમધમતી ત્રણ દેશી દારૂની ભઠ્ઠી પોલીસે ઝડપી પાડી હતી જેમાં ૧૪૯ લીટર રૂા.૨૯,૮૦૦ની કિંમતનો દેશી દારૂ, દેશી દારૂ ગાળવા માટેના વોશ ૧૨૦૪ લીટર કિંમત રૂા.૩૦,૧૦૦ તેમજ દેશી દારૂની ભઠ્ઠી માટે ઉપયોગમાં લીધેલ સાધનો મળી પોલીસે કુલ રૂા.૫૯,૯૦૦નો મુદ્દામાલ કબજે કરી આ દેશી દારૂની ભઠ્ઠીને ચલાવનાર ચાર મહિલાઓને દાહોદ એલસીબી પોલીસે અટકાયત કરી આ સંબંધે પોલીસે પ્રોહીબીશનનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

---

## ફતેપુરા તાલુકાના ઘુઘસ ગામેથી સગીરાનુ અપહરણ

સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી જનાર યુવક વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ

(પ્રતિનિધિ) દાહોદ, તા.16

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના ઘુઘસ ગામેથી રાજસ્થાનના એક યુવકે ફતેપુરા તાલુકામાં રહેતી એક સગીરાને લગ્નની લાલચ આપી પત્નિ તરીકે રાખવા સારૂ અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

રાજસ્થાનના બાંસવાડા જિલ્લામાં ગાંગડતલાઈ તાલુકામાં કુપડી વિસ્તારમાં રહેતો બાલવિરભાઈ રમસુભાઈ ભાભોરે ગત તા.૧૧મી એપ્રિલના રોજ ફતેપુરા તાલુકામાં રહેતી એક સગીરાને લગ્નની લાલચ આપી, પટાવી, ફોસલાવી, પત્નિ તરીકે રાખવા સારૂ અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતાએ ફતેપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.